| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૧૭/૧૦/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૭/૧૦/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૫ | ૧૮ |

## બરવાળાનાં મહેરબાન જયુડીશીયલ મજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ સમક્ષ, મુકામ– બરવાળા, તાલુકો–બરવાળા, જીલ્લો– બોટાદ

**ફોજદારી કેસ નંબર 395/2025**
**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :– **હાર્દીકભાઈ ધરમેન્દ્રભાઈ ડાબસરા,**
ઉ.વ.૧૯, ધંધો–હોપ કંપનીમા,
રહે.પોલારપુર, તાલુકો– બરવાળા, જીલ્લો– બોટાદ.

**ગુન્હો :– મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૫, ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ**

શ્રી ડો.પી.એન.કાંગ્રીચા : વિ.એ.પી.પી.શ્રી ફરિયાદ પક્ષ તરફે
શ્રી પી.એમ.રાઠોડ : વિ.વકીલશ્રી આરોપી તરફે

## –: ચુ કા દો :–

૧. ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગ્યે ભીમનાથ ગામ પાસે આ કામના આરોપી જાહેરમા ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા હીરો હોન્ડા કંપનીનુ મોટર સાયકલ રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૬.ઈકે.૪૮૮૫, ડ્રાઈવીંગ

લાઈસન્સ વગર ચાલાવી, **મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૫, ૧૮૧ (૩), ૧૭૭, ૧૮૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબ ગુનો નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા તેને ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**૨.** ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલા. જે સમન્સ બજી જતાં આરોપીએ તેમનાં વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આંક–૪ થી તહોમતનામું ફરમાવી અને આંક–૫ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ તથા દલીલો સાંભળી.

**૩.** ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | **ફરીયાદી** જતીનભાઈ અરવિંદભાઈ વસાવા ની જુબાની |
| ૨ | ૦૬ | **પંચ** સચીનભાઈ હરેશભાઈ ખોડદા ની જુબાની |
| ૩ | ૦૮ | **પંચ** અંકીતભાઈ રાજુભાઈ ડેડાણીયા ની જુબાની |
| ૪ | ૧૧ | **ડોકટર સાહેદ** જતીનભાઈ કીશોરભાઈ દામાણી ની જુબાની |
| ૫ | ૧૭ | **તપાસ કરનાર અમલદાર શ્રી** તરૂણભાઈ દાદુભાઈ પંડયા ની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨ | ૦૭ | પંચનામું |
| ૩ | ૧૨ | આરોપીનુ બ્લડ સેમ્પલ લેવા બાબતે નો પત્ર |
| ૪ | ૧૩ | કેસ પેપર |
| ૫ | ૧૪ | ફોર્મ–એ |
| ૬ | ૧૫ | ફોર્મ–બી |
| ૭ | ૧૬ | ફોર્મ–સી(એફ.એસ.એલ.અભિપ્રાય) |
| ૮ | ૧૮ | ગુનો રજીસ્ટર કરવા બાબતનો પત્ર |

**૪.** ત્યારબાદ, વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ફરીયાદપક્ષ નો પુરાવો પુર્ણ જાહેર કરવામા આવેલ, ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતાં આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધના પુરાવાને નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે, '' અમો નિર્દોષ છીએ.અમારા પર ખોટો કેસ કરેલ છે.''

ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડો.પી.એન.કાંગ્રીચા ની તથા બચાવ પક્ષે વિ.વકીલશ્રી પી.એમ.રાઠોડ ની દલીલો સાંભળવામાં આવી.

**પ.** ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવા ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

**–ઃ <u>મુ દ્દા ઓ</u> ઃ–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગ્યે ભીમનાથ ગામ પાસે આ કામના આરોપી જાહેરમા ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા હીરો હોન્ડા કંપનીનુ મોટર સાયકલ, ડ્રાઈવીંગ લાઈસન્સ વગર ચાલાવી, **મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૮૫, ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ તથા પ્રોહીબીશન એકટની**

**કલમ–૬૬(૧)(બી)** મુજબનો ગુનો કરેલો છે?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારમાં**

(૨) **આખરી હુકમ મુજબ.**

## ::નિર્ણયના કારણો::

**મુદ્દા નંબર ૧ તથા ૨ અંગે :–**

ઉપરોક્ત બન્ને મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય પુરાવાની હકિકતોનું પુનરાવર્તન કરવુ ન પડે તે હેતુથી બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવી જરુરી જણાતુ હોય બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામા આવે છે.

આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરુધ્ધનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાંકન કરી કેસનાં ન્યાયીક નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

**(૧) હાલ ના કામે આરોપી ઉપર** તારીખ ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગ્યે ભીમનાથ ગામ પાસે જાહેરમા ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા હીરો હોન્ડા કંપનીનુ મોટર સાયકલ, ડ્રાઈવીંગ લાઈસન્સ વગર ચાલાવી, **મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૮૫, ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો આક્ષેપ છે, ત્યારે** આક્ષેપિત

ગુના અન્વયે આરોપી સામેનું તહોમત નજર સમક્ષ રાખી રજુ પુરાવો મુલવતા, સદર કામમા **ફરીયાદી** નામે **જતીનભાઈ અરવિંદભાઈ વસાવા ને આંક-૯** થી સોગંદ ઉપર તપાસતા સદર ફરિયાદી સાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં '' આરોપીએ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગ્યે ભીમનાથ ગામ પાસે જાહેરમા ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા હીરો હોન્ડા કંપનીનુ મોટર સાયકલ, ડ્રાઈવીંગ લાઈસન્સ વગર ચાલાવી, પકડાયેલાનું જણાવેલ છે, તે બાબતની ફરીયાદ આ કામમાં આંક-૧૦ થી રજુ થયેલ છે. આમ, સદર સાહેદની સર તપાસમા ફરીયાદની હકીકત મુજબ સમર્થન આપે છે. અને આ સાહેદના પુરાવાની હકીકતે આરોપીએ ભીમનાથ ગામ પાસે ગેર કાયદેસર વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમા રજીસ્ટ્રેશન વગર નુ મોટર સાયકલ લાઈસન્સ વગર ચલાવી, ગુનો કરેલ હોવાની હકીકતનું ખંડન થયાનું જણાઈ આવતું નથી, પરંતુ જયારે આક્ષેપિત ગુન્હો જાહેરમા કેફી પીણુ પીધેલ હાલતમા મોટર સાયકલ ચલાવી મળી આવ્યા બાબતનો છે, **ત્યારે ફરીયાદપક્ષે બીન શંકાસ્પદ રીતે વિશ્વસનીય પુરાવાથી આરોપીએ જાહેરમા કેફી પીણુ પીધેલ હાલતમા મોટર સાયકલ ચલાવી મળી આવેલ હતો તેવું સ્પષ્ટ રીતે કોર્ટ માને તે રીતનો પુરાવો રજુ કરવો જોઈએ.** વધુમા ફરીયાદી બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસ મા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, ખાનગી વાહનમાં પ્રટ્રોલીગમાં હતા તેનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. **પંચોના નામ ઠામ ફરીયાદમાં જણાવેલ નથી.** સ્થળ ઉપર બેથ્રએનાલીસીસ મશીન દવારા કહેવાતા આરોપીનું ચેક કરેલ હોય અને સ્થળ ઉપર બ્રેથએનાલીસીસ મશીન તેઓની પાસે હોય તેવુ બનેલ નથી. પંચોને કહેવાતા આરોપીનુ મોઢું સુધી સુઘાડેલુ અને તેમાથી તીવ વાંસ આવતી હતી તેવુ બનેલ નથી. આરોપીને પકડીયો ત્યારે યુનીફોર્મ માં ન હતા અને **કોઈ સ્વત્રંત સાહેદ તેઓની સાથે ન હતા.** તેઓની હાજરીમાં આરોપીને ડોકટર સાહેબે સીધી લીટી થી ચલાવેલ હોય તેવુ બનેલ નથી.

(૨) ત્યારબાદ, ફરિયાદપક્ષના કેસને લગતાં સૌથી અગત્યના સ્વતંત્ર સાહેદ એટલે કે, પંચનામાના પંચસાહેદ ને ફરિયાદપક્ષ ઘ્વારા **પંચ** સચીનભાઈ હરેશભાઈ

ખોડદા ને આંક–૦૬ તથા **પંચ** અંકીતભાઈ રાજુભાઈ ડેડાણીયાને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે અને પંચનામાને આંક–૦૭ આપવામાં આવેલ છે. ઉપરોકત **સ્વતંત્ર પંચસાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતાં નથી તથા પંચનામાની હકીકત ને લેશમાત્ર સમર્થન આપતા નથી.** આ સંજોગોમાં સદર પંચ સાહેદ નો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

(૩) ત્યારબાદ, ફરીયાદપક્ષે **મેડીકલ ઓફીસર ડો.જતીનભાઈ કીશોરભાઈ દામાણી ને આંક–૧૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે કે જેઓએ તેમની કરેલ તપાસની વિગતવાર જુબાની આપેલ છે, સદર સાહેદ સી.એચ.સી.બરવાળા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ આરોપીનુ બ્લડ સેમ્પલ લેવા માટે પોલીસ યાદી સાથે આરોપીની તપાસ માટે લાવેલા. વધુમા સદર સાહેદ જણાવે છે કે**, સદર દર્દીની તપાસ કરતા તેના શ્વાસમાં આલ્કોહોલની ગંધ આવતી હતી તેઓ સભાન અવસ્થામાં હતા તેમની આંખો સામાન્ય હતી તેમજ તેમની આંખની કીકી સામાન્ય હતી તેમજ તેમની હાલ ચાલ અસમાન્ય પ્રકારની હતી તેમજ તેમની ભાષા અસ્પસ્ટ હતી તેમજ તે વ્યકિત નશાની અસર તળે જણાતો હતો.** જેથી તેમને આ ઈસમનુ લોહી પૃથ્થકરણ લેવાની પ્રકિયા કરેલી. ત્યારબાદ સદર ડોકટર સાહેદ તેઓએ રજુ કરેલ કેસ પેપર્સ તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ જેમા તેમના હોદાનો સીક્કો અને સહી છે તેવા ફોર્મ–એ તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ જેમા તેમના હોદાનો સીક્કો અને સહી છે તેવા ફોર્મ–બી તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓને સદર દર્દીના લોહીનો પરીક્ષણ અહેવાલ રજુ કરે છે જેમા આલ્કોહોલની માત્રા નીયત માત્રા કરતા વધુ માત્રામા હોવાનુ જણાવે છે. જે ફોર્મ–સી આંક–૧૬ થી રજુ રાખેલ છે.

વધુમા સદર સાહેદ **બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ મા એ હકીકત નો સ્વીકાર કરે છે કે,** ફીયાલનો જથ્થો એક સાથે ગુજરાત સરકાર તરફથી ફાળવવામા આવે છે. કહેવાતા દર્દીને હોસ્પીટલ લાવવામા આવેલા ત્યારે તેની જાતે ચાલીને આવેલા.

હોસ્પીટલ મા કહેવાતા દર્દીને મારી રૂબરૂ સીધી લીટી દોરીને તેના પર ચલાવવામા આવેલ નથી. ફીચાલ ને ખુલ્લામા તથા કબાટમા મુકવાથી ભેજ લાગવાની શકયતા રહેલ છે. વધુમા એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, <u>આરોપીનુ એનાલીલીસ તારીખ ૧૪/૭/૨૫ ના રોજ કરેલ અને સેમ્પલ તારીખ ૨૧/૭/૨૫ ના રોજ એફ.એસ.એલ મા પહોચેલ છ તેઓએ રૂલ ૪ નો અભ્યાસ કરેલ છે . દર્દીનુ સેમ્પલ ૭ દીવસ મા પહોચી જવુ જોઈએ આ સેમ્પલ ૮ દીવસ મા પહોચેલ છે.</u>

આમ, સદર ડોકટર સાહેદ ની સમગ્ર જુબાનીનુ અધ્યયન કરતા તથા ફોર્મ–એ ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, **સદર કામના આરોપી નુ લોહી નુ સેમ્પલ તા.૧૪/૦૭/૨૫ ના રોજ લેવામા આવેલ છે** પરંતુ એફ.એસ.એલ. અભિપ્રાય કે જે સદર કામમા આંક–૧૬ થી ફોર્મ–સી તરીકે રજુ રાખેલ છે, તે ધ્યાને લેતા સદર આરોપીનુ સેમ્પલ તા.૨૧/૦૭/૨૫ ના રોજ એફ.એસ.એલ ખાતે પહોચેલ છે અને તેમા આરોપીના બ્લડ સેમ્પલ માથી આલ્કોહોલ નુ પ્રમાણ '' **૦.૧૦૫૭** '' **W/V** પ્રમાણ જણાઈ આવેલા નુ જણાઈ આવે છે, પરંતુ આ અંગે, **પ્રોહીબીશન મેડીકલ એકઝામીશન બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ મુજબ નિયમો નકકી કરવામાં આવેલ છે** જેમાં લોહી એકત્ર કરવાની અને આગળ મોકલવાની રીત રૂલ–૪ માં દર્શાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

*Rule - 4.* ***Manner of collection and forwarding of blood*** –

*(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into*

*a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.*

*(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1)* ***shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection****. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.*

(૪) આમ, ઉપરોકત જોગવાઈ મુજબ લોહી એકત્ર કરવાની, સેમ્પલ મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસરને તપાસવામાં આવેલ છે જેમાં તેઓ તેમની સરતપાસમાં તેઓએ કઈ રીતે લોહી લીધેલ તે અંગે અને **લોહી લેતી વખતે તેમણે ઉપરોકત જોગવાઈનું પાલન કરેલ કે કેમ તે અંગે કોઈ હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી.** વધુમા તેઓની બચાવ પક્ષે લીધેલ ઉલટતપાસમા એ હકીકત નો સ્વીકાર કરે છે કે, **આરોપીનુ એનાલીલીસ તા.૧૪/૭/૨૫ ના રોજ કરેલ અને સેમ્પલ તા.૨૧/૭/૨૫ ના રોજ એફ.એસ.એલ મા પહોચેલ દર્દીનુ સેમ્પલ ૭ દીવસ મા પહોચી જવુ જોઈએ આ સેમ્પલ ૮ દીવસ મા પહોચેલ છે.** આમ સદર હકીકતથી ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ ગણી શકાય કે કેમ ? તે સંદર્ભમાં સદરહું રૂલ્સ ધ્યાને લેતા લોહીનો નમુનો લોહી લીધાની તારીખ થી **સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફતે અથવા ખાસ સંદેશાવાહક મારફતે મોકલવો જોઈશે તેવી મેન્ડેટરી જોગવાઈ રૂલ્સમાં કરવામાં આવેલ છે. ક્રિમીનલ લો રીપોર્ટર ૧૯૯૦ પાના નં. ૩૬૩ ગુજરાત હાઈકોર્ટ**

<u>તથા ગુજરાત લો હેલર્ડ ૧૯૯૦(૨) પાના નં. ૪૫૧ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ બાબુજી સવજી</u>**ના ચુકાદામાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, લોહીના નમુના સાત દિવસમાં પહોંચેલ ન હોય તો બ્લડ ટેસ્ટ રૂલ્સના નિયમ–૪ ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થાય છે તેવી જોગવાઈ છે.** જે હકીકત ધ્યાને લેતા આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફોર્મ–એ વંચાણે લેતા, આરોપીનું લોહી **<u>તા.૧૪/૦૭/૨૦૨૫</u> ના રોજ લેવામાં આવેલ** અને એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે ગાંધીનગર મોકલેલ હતું. ત્યારબાદ મુદામાલ એફ.એસ.એલ.માંથી પરીક્ષણ થઈને આવતા ફોર્મ–સી જોવામાં આવે તો તે **એફ.એસ.એલ.માં <u>તા.૨૧/૦૭/૨૦૨૫</u> ના રોજ મળેલ** છે. એટલે કે આરોપીનું બ્લડ સેમ્પલ લીધા બાદ <u>'' **૦૭ દિવસ** '' પછી એફ.એસ.એલ.</u>ને મળેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આરોપીના લીધેલ લોહીના નમુના **સાત દિવસ બાદ ટેસ્ટીંગ ઓફીસરને લેબોરેટરી પરીક્ષણ માટે મળેલ છે,** તે સંજોગોમાં સદરહું કામે ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ ૧૯૫૯ ના **નિયમ–૪ મેન્ડેટરી જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થયેલ હોવાનું જણાય આવે છે.**

વધુમા, અત્રેની અદાલતને ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન નં. ૨૦૫/૧૯૭૦ નો **મલાહાવરાવ ભગવાનદાસ ખરાડે વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાન ઉપર છે, જે ચુકાદાને માનપુર્વક ધ્યાને લેવામાં આવે તો પેરા–૫ માં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, **ડોકટરશ્રીએ તેઓની જુબાનીમાં લોહી લેતી વખતે આલ્કોહોલ ટચ કરેલ નથી તે જણાવવુ જોઈએ. આ એક મેન્ડેટરી રૂલ છે.** જે ચુકાદાનો પેરા–૫ રીલેવન્ટ પાર્ટ નીચે મુજબ છે.

***Case Name****: MALAHAVARAO BHAGWANDAS KHARADE* ***Vs****. STATE*

*( 5 )* ***RULE 4 (2)*** *of the Rules provides - the sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection................, and <u>what is more</u>*

<u>*important is that he has not stated that he had not allowed alcohol to touch at any stage while withdrawing the blood from the body of the person. This is equally a mandatory rule since the percentage of the alcohol is bound to increase if the alcohol was allowed to touch the syringe or any receptacle in which blood was drawn.*</u>

(૫) હાલના કેસમાં પણ ડોકટરશ્રીએ પોતાનો પુરાવો આપેલ છે. ઉપરોકત ચુકાદા તથા હકીકતોને ધ્યાને લેતા, **ફરીયાદપક્ષનાં સાહેદ ધ્વારા નિયમ-૪ ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી.** વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે તે મુજબ ડોકટરશ્રી નિયમ-૪ નું પાલન કર્યા અંગે વિસ્તૃત પુરાવો આપતા હોય ત્યારે લોહી કલેકટ કરતી વખતે તેઓએ આલ્કોહોલને સ્પર્શ કરેલ નથી, તે અંગેનો પુરાવો આપવો જોઈએ, તેવો કોઈ પુરાવો રેકર્ડ પર જણાતો નથી, વધુમાં <u>મલ્હારાવ ભગવાનદાસ ખરાડે વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૭૧ જી.એલ.આર. ૯૫૬</u> ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, બ્લડ સેમ્પલ લેતી વખતે બ્લડ ટેસ્ટ રૂલ્સની જોગવાઈઓનું પાલન કરવું જોઈએ અને આવી મેન્ડેટરી જોગવાઈઓના રૂલ-૪,૫ નો ભંગ થયેલ હોય ***<u>તો તેવો એફ.એસ.એલ. રીપોર્ટનો દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ શકાય નહી અને તેનો લાભ આરોપીને મળે છે.</u>*** જે હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ મુજબના ગુના સંબંધે ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ ૧૯૫૯ ના નિયમ-૪ મેન્ડેટરી જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થયેલ હોવાનું રેકર્ડ પરથી જણાય આવે છે.

(૬) ફરીયાદપક્ષે આ કામના **તપાસ કરનાર અમલદાર શ્રી તરૂણભાઈ દાદુભાઈ પંડયા ને આંક-૧૭** થી સોગંદ પર તપાસતા સદર તપાસ કરનાર અમલદારે બનાવ અંગે ફરીયાદ મુજબની વિગત જણાવેલ છે અને ત્યારબાદ તેઓને તપાસ મળતા તપાસના કામે આરોપીને મેડીકલ તપાસણી માટે સરકારી દવાખાને મોકલેલ ત્યારબાદ બ્લડ સેમ્પલ એફએસએલ તપાસણીમા મોકલેલ અને તેનો

પૃથ્થકરણ અહેવાલ ફોર્મ–સી આવતા નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલા નુ જણાવે છે.વધુમા તેઓએ પંચો રૂબરૂ પંચનામુ કરી પંચનામાની વિગતે આરોપીને અટક કરેલ છે. પરંતુ સદર પંચનામા ને આ કામના પંચ સાહેદો એ લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૭) ફોજદારી કેસમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલાં પંચો રજુ કરવામાં આવેલ પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરતાં નથી. જેથી ફરીયાદપક્ષે પંચનામું પુરવાર થઈ શકેલું નથી. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૦૯ થી તપાસેલા ફરીયાદી તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબ ફરીયાદમા પંચોના નામ–સરનામા જણાવેલ નથી. બનાવવાળી જગ્યા એ જાહેર રોડ છે અને ત્યા વાહનોની સતત અવર જવર ચાલુ રહેતી હોય છે. સ્થળ પર કોઈ બ્રેધર ટેસ્ટ કરેલ નથી. આરોપીની કોઈ સીધી લીટી પર ચલાવેલ ન હોય, જયારે કોઈ પીનલ પ્રોવીઝનના અનુસંધાને કોઈ મેન્ડેટરી રૂલ નકકી કરવામા આવેલ હોય, ત્યારે તે રૂલનું યોગ્ય રીતે પાલન કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની જવાબદારી પણ પ્રોસીકયુશનની હોય છે. હાલના કેસમાં આંક–૧૧ થી તપાસવામાં આવેલ ડોકટરશ્રીએ પોતાની વિસ્તૃત જુબાનીમાં તેઓએ આલ્કોહોલને ટચ કરેલ નથી તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, વધુમા આરોપીના બ્લડ સેમ્પલ એફ.એસ.એલ ખાતે સાત દિવસ બાદ મળેલ હોવાનુ કબુલે છે, ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદા મુજબ ફરીયાદ પક્ષનો આ પુરાવો શંકાસ્પદ ગણી શકાય અને આ હકીકત ન જણાવવાને લીધે તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે, રૂલ–૪ માં મેન્ડેટરી પ્રોવીઝન્સનું પાલન થયેલ છે કે કેમ ? તે શંકાસ્પદ છે ત્યારે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામે **મોટર વ્હીકલ એકટ ની કલમ–૧૮૫** તથા **પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬(૧)બી,** મુજબનો ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

(૮) આ કામે આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧(૩), ૧૭૭,

૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧ (૩), ૧૭૭, ૧૮૪ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯–દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક જોગવાઈઓનું જયારે પાલન થયેલું હોય ત્યારે જ મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય.હાલનાં કેસમાં મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯ની આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલું ન હોય જેથી સદર કલમનો લાભ આરોપીને મળવાપાત્ર હોય આરોપીને સદર મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં ફરિયાદપક્ષ ધ્વારા તપાસેલ પોલીસ સાહેદની જુબાનીથી અન્ય સ્વતંત્ર સાહેદો તથા પંચ સાહેદોના સમર્થનના અભાવે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો પડતો નથી.

(૯) આમ, ઉપરોકત તમામ ચર્ચા ને અંતે અને તમામ સાહેદોની જુબાની જોતા અને મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે બીનશંકાસ્પદ રીતે વિશ્વસનીય પુરાવાથી આ કામના આરોપીએ જાહેરમા કેફી પીણુ પીધેલ હતો, તેવું સ્પષ્ટ રીતે કોર્ટ માને તે રીતનો પુરાવો રજુ કરવો જોઈએ, તેવો પુરાવો આ કામે રજુ પુરાવો જણાવેલ નથી. જેથી સદર આક્ષેપિત ગુના અન્વયે ની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમા સદર કામમા કોઈ પ્રોહીબીશન ને લગતો મુદામાલ પણ કરજે કરેલ નથી.

(૧૦) વધુમા, ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ થી રજુ થયેલ '' ફોર્મ–સી '' ધ્યાને લેતા, તેમા આલ્કોહોલ નુ પ્રમાણ જણાઈ આવે છે પરંતુ ફરીયાદપક્ષ તરફે તપાસેલ ડોકટર સાહેદ ધ્વારા નિયમ–૪ ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી. વધુમાં, અગાઉ કરેલ ચર્ચા મુજબ નામદાર હાઈકોર્ટ ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે તે મુજબ ડોકટરશ્રી નિયમ–૪ નું પાલન કર્યા અંગે વિસ્તૃત પુરાવો આપતા હોય ત્યારે લોહી કલેકટ કરતી વખતે તેઓએ આલ્કોહોલને સ્પર્શ કરેલ નથી,તે અંગેનો પુરાવો આપવો જોઈએ તેવો કોઈ પુરાવો રેકર્ડ પર જણાતો નથી, જેથી

નિયમ–૪ નું પુરતુ પાલન થયેલ નથી તેવુ માનવાને રહે છે.તથા રૂલ–૪ માં મેન્ડેટરી પ્રોવીઝન્સનું પાલન થયેલ છે કે કેમ ? તે શંકાસ્પદ છે ત્યારે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૧)** વધુમા, આ કામે રેકર્ડ ઉપરની હકીકત છે કે, બનાવ વાળી જગ્યા જાહેર રોડ છે. પરંતુ પંચો સિવાય કોઈ અન્ય સ્વતંત્ર સાહેદો ના નિવેદન તપાસ કરનાર અમલદાર શ્રી ધ્વારા લીધેલ નથી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા...તથા નામ.સુપ્રિમ કોર્ટના સુપ્રિમ કોર્ટે સન્શાપાલસીગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' **સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિશંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી** '' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.વધુમા, આવા કેસમાં મહત્વનો કહી શકાય તેવો દસ્તાવેજ પંચનામું છે, પરંતુ અગાઉ કરેલ ચર્ચા મુજબ પંચ સાહેદો પણ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. તેથી પુરાવો જોતાં **આરોપી સામેના ચોકકસ પુરાવાના અભાવે ઉભી થતી શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.**

**આ સંદર્ભે *<u>૧૯૮૯(૨) ક્રાઇમ્સ, ૪૬૭–સ્ટેટ ઓફ યુ.પી. વિ. મદન મોહન અને અન્ય</u>* નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે,** *જ્યારે બનાવ સંબંધેની હકીકત છુપાવવામાં આવી હોય ત્યારે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. સદરહુ ચુકાદામાં એવું ઠરાવવામાં*

*આવેલ છે કે, બનાવ સમયે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોય છતાં તેવા સાહેદોને તપાસવામાં આવેલા ન હોય અને તેથી ફરિયાદ પક્ષ કંઇક છુપાવવા માંગતા હોય તેવું સ્પષ્ટ થતુ હોય ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે.આમ, બનાવ જાહેરમા બનેલ હોવા છતા પણ કોઈ સ્વતંત્ર સાક્ષીને ફરીયાદપક્ષ દવારા તપાસેલ નથી જેથી* ***પંચ સાહેદ તથા સ્વતંત્ર ના સમર્થન ના અભાવે ફકત પોલીસ સાહેદના પુરાવા ના આધારે આરોપીને સજા કરવી યોગ્ય કે ન્યાયી જણાતુ નથી .***

**(૧૨)** આમ, પુરાવાની કડી પંચ સાહેદો, તથા સ્વતંત્ર સાહેદના સમર્થન ના અભાવે ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પ્રસ્થાપિત થતો નથી અને સ્વતંત્ર સાહેદોના સમર્થનના અભાવે ફરીયાદી તથા પોલીસ સાહેદના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા કરવી યોગ્ય કે ન્યાયી જણાતુ નથી .

જેથી, ઉપરોકત કરેલ તમામ ચર્ચાના રૂએ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ, સબ્સ્ટેનશીયલ તેમજ કોરોબોરેટીવ પુરાવા રજુ રાખવામાં નિષ્ફળ રહેલા છે તેવુ, અત્રેની કોર્ટ નું વિનમ્રપણે માનવુ છે. જેથી આ કામના આરોપીએ ગઇ તારીખ ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ વાગ્યે બરવાળા ધંધુકા હાઈવે રોડ ઉપર ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં હિરો કંપનીનુ મોટર સાઇકલ ચલાવી, **મોટર વ્હિકલ એકટની કલમ-૧૮૫, ૧૮૧(૩), ૧૭૭, ૧૮૪ તથા પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી)** મુજબનો ગુન્હો કરેલ હોય, તે હકીકત સાબીત થતી ન હોય જેથી **મુદ્દા નંબર ૧** નો નીર્ણય "**નકારમા**" આપી, **મુદ્દા નંબર ૨** અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી **હાર્દીકભાઈ ધરમેન્દ્રભાઈ ડાબસરા,** ઉ.વ.૧૯, ધંધો-હોપ કંપનીમા, રહે.પોલારપુર, તાલુકો- બરવાળા, જીલ્લો- બોટાદ નાઓને તેઓની વિરુધ્ધ નોંધાયેલ **મોટર વ્હિકલ એકટની કલમ-૧૮૫, ૧૮૧(૩), ૧૭૭,**

**૧૮૪ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)**મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમા દર્શાવ્યા મુજબનો મુદ્દામાલ એક હીરો કંપનીનુ સી.ડી.હોન્ડા મોટર સાયકલ જેના રજીસ્ટ્રેશન નંબર નથી, જેના ચેચીસ નંબર પણ નથી, તે અંગે અપીલ સમય બાદ માલીકી હકક ની ખરાઈ કર્યે થી મુળ માલીક ને પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીએ જામીન સમયે આપેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે ફરીયાદી પક્ષ તરફે અપીલ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં અપીલ અદાલતમાં હાજર રહેવા માટે ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૪૩૭(એ) મુજબ, આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર ) પુરાનાં જાત જામીન તથા તેટલી જ રકમનાં જામીન આપવા.

આ હુકમ આજ તારીખ: ૦૬ મી, માહે–એપ્રિલ, સને 2026 નારોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા. ૦૬/૦૪/૨૦૨૬**<br>**બરવાળા.** | **( નિતેશ કિશોરભાઈ નાચરે )**<br>**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**<br>**બરવાળા, જીલ્લો–બોટાદ.**<br>**યુનિક જજ કોડ–જીજે૦૧૪૫૧** |